# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા. બારડોલી, જિ.સુરત.



**" આયોજન, આત્મવિશ્વાસ, અનુશાસન, અવલોકન અને અનુભવ- એ સફળતાની ચાવી છે. "**

**-:: વાલી–શિક્ષક મિટીંગ ::-**

સ્નેહી વાલી મિત્રો...નમસ્કાર

આપ કુશળ હશો.

બાળકના સર્વાંગી વિકાસ માટે આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્વનો હોય છે. બાળકના સારા અભ્યાસ માટે શિક્ષક અને માતા-પિતા સાથે સુમેળ સંધાય તેમજ બાળકે કરેલ કાર્યની નોંધ લઈ શકાઈ તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી-શિક્ષક મિટીંગનું આયોજન થતું હોય છે, તે આપ જાણો છો. દરેક વાલી-મિટીંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના...

આપનું બાળક ખૂબ સારી રીતે અભ્યાસ કરી રહયું છે. આપણે સૌ સાથે મળીને બાળકના ઉચ્ચ પરિણામ માટે પ્રામાણિક પ્રયત્ન કરી રહયા છીએ. આ દરેક પ્રયત્નોનું પ્રતિબિંબ એટલે શાળાની વિવિધ પરીક્ષાનું પરિણામ... આવો આપણે સૌ સાથે મળીને બાળકોના ઉજજવળ ભવિષ્યને યોગ્ય દિશા આપીએ.

- **ધો. 3 થી 9 ના વિદ્યાર્થીઓ માટે તા.01-02-2025 ને શનિવારના રોજ વાલી-શિક્ષક મિટીંગનું આયોજન કરેલ છે.**
- **મિટીંગમાં દ્વિતીય યુનિટ ટેસ્ટનું પરિણામ આપવામાં આવશે, તેથી આ મિટીંગમાં આવવું ખૂબ જરૂરી છે.**

**નીચે આપેલા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.**

- તા.01-02-2025 ને શનિવારના રોજ વાલી-મિટીંગમાં આવો ત્યારે જે તે રોલ નંબરના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.
  - ધો. 3 to 9 ના રોલ નં.01 થી 15 ના વિદ્યાર્થીઓનો સમય :- 8:30 am to 9:30 am
  - ધો. 3 to 9 ના રોલ નં.16 થી 30 ના વિદ્યાર્થીઓનો સમય :- 9:30 am to 10:30 am
  - ધો. 3 to 9 ના રોલ નં.31 થી.... ના વિદ્યાર્થીઓનો સમય :- 10:30 am to 11:30 am

- **ચાલુ શૈક્ષણિક વર્ષ 2024-25 ની ફી ભરવાની બાકી હોય તો તા. 01-02-2025 ને શનિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.**
- **વાલી-શિક્ષક મિટીંગના દિવસે ધો.3 થી 9 માં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે પરંતુ બાળકે વાલી સાથે ફરજિયાત આવવાનું રહેશે.**
- **આપનું વાહન નવા પાર્કિંગમાં પાર્ક કરી વ્યવસ્થાપકશ્રીને સહકાર આપશો.**

**આચાર્યશ્રી**

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-ગુ.મા.(બાબેન)**